ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



કોલ્ડવેવની અસર શહેર પર જોવા અને અનુભવવા મળી રહી છે. ઉત્તર ભારત આખું જાણે થીજી ગયું છે. આ વિસ્તારોમાંથી ફૂંકાતા તેજીલા ઠંડા પવનોએ ગાંધીનગરને પણ ઠંડુગાર બનાવી દીધું છે. કોલ્ડ સ્ટોરેજમાં રહેતા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. બુધવારે તો એટલો બધો ઠંડો પવન ફુંકાતો હતો કે વસાહતીઓને દિવસ દરમિયાન પણ કોટ અને બ્લેઝર પહેરીને ફરવું પડયું હતું. ઘરની બહાર નીકળો તો ઠંડીમાં ઠીંગરાઈ જવાતું હતું. મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી જેટલું નીચું જતું રહ્યું હતું. ઠંડા પવનની સાથે વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ પણ રહ્યું હતું. ઠંડીથી બચવા માટે ઝુંપડપટ્ટીમાં રહેતા વસાહતીઓએ તાપણાં કર્યા હતા. જેના કારણે વાતાવરણમાં ધુમાડો ફેલાયો હતો અને ધુમ્મસ વધુ ગાઢ લાગતું હતું. આગામી દિવસો હજુ ઠંડી બરકરાર રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# સરકારી કર્મચારીઓ માટે ૫ ટકા મોંઘવારી ભથ્થુ મંજુર

ગાંધીનગર, તા.૧

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજ્ય સરકારના નવ લાખથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને તા.૦૧.૦૭.૨૦૧૯ થી ૫ % મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦ ના પગાર સાથે ચુકવવામાં આવશે, જેનાથી રાજ્ય સરકાર ઉપર વાર્ષિક રૂ.૧૮૨૧ કરોડનું વધારાનું ભારણ પડશે. જુલાઈ-૨૦૧૯ થી ડીસેમ્બર-૨૦૧૯ સુધીના છ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ ત્રણ હપ્તામાં ચુકવવામાં આવશે જેનો નિર્ણય હવે પછીથી કરવામાં આવશે.

શ્રી પટેલે ઉમેર્યુ કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષે મળેલ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ નિર્ણય મુજબ રાજ્ય સરકારના ૨,૦૬,૪૪૭, પંચાયત વિભાગના ૨,૨૫,૦૮૩, અન્ય કર્મચારીઓ ૭૯,૫૯૯ અને ૪,૫૦,૫૦૯ પેન્શનરો મળી, અંદાજીત કુલ ૯,૬૧,૬૩૮ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને રાજ્ય સરકારે સાતમાં નાણા પંચના લાભો મંજૂર કરેલ છે, જે મુજબ હાલમાં પગાર તથા પેન્શન ચુકવવામાં આવે છે.

તેમણે કહ્યું કે, રાજ્ય સરકારના, પંચાયતના તથા અન્ય ગ્રાન્ટેબલ સંસ્થાઓના અધિકારીઓ તથા કર્મચારીઓને સાતમાં પગાર પંચનો લાભ આપવામાં આવી રહ્યાં છે. ભારત સરકાર દ્વારા તા.૦૧.૦૭.૨૦૧૯ થી ૫ % મોંઘવારી ભથ્થુ મંજૂર કર્યુ છે. રાજ્ય સરકારના અધિકારીઓ તથા કર્મચારીઓને તેમના પગાર ઉપરાંત અત્યારે ૧૨ % મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવી રહ્યું છે. ભારત સરકારે પણ તા. ૧-૭-૨૦૧૯ થી વધુ ૫ % મોંઘવારી ભથ્થુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે જાહેર કર્યુ છે જે સંદર્ભે રાજ્ય સરકારના અધિકારીઓ તથા કર્મચારીઓને પણ કેન્દ્રના ધોરણે વધુ ૫% મોંઘવારી ભથ્થુ ચુકવવાનો નિર્ણય કર્યો છે અને જાન્યુઆરી-૨૦૨૦ના પગારની ચુકવણી સાથે આ ૫ % મોંઘવારી ભથ્થાનો વધારો ચુકવવામાં આવશે. આ નિર્ણયના કારણે રાજ્ય સરકાર ઉપર વાર્ષિક અંદાજે રૂ.૧૮૨૧ કરોડ જેટલુ ભારણ વધશે.

# જિલ્લાના ૮ ગામના સરપંચો અમદાવાદમાં ભળવાનો વિરોધ કરવા મુખ્યમંત્રીને મળ્યા

**ટ્વિન સિટી પ્રોજેક્ટની વાત કરી સરકારે પણ નવીન વિકાસની વાત કહી**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકાનાં ૮ ગામોને અમદાવાદ કોર્પોરેશનની હદમાં ભેળવવાના નિર્ણયનો વિરોધ કરવા માટે સરપંચો રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા સાંસદ હસમુખભાઈ પટેલની હાજરીમાં મળ્યા હતા.

આ મુદ્દે તેમણે ઉગ્ર રજૂઆત કરી જણાવ્યું હતું કે અમારે ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર તરીકે ઓળખ જાળવી રાખવી છે. આ પછી ટ્વિન સિટી પ્રોજેક્ટ હાથ ધરાવાનો હોવાથી વિકાસની ગતિ વધશે તેવી હૈયાધારણ આપી મુખ્યમંત્રીએ આ સરપંચોને રાજ્ય ગૃહમંત્રીને મળવા સૂચવ્યું હતું.

આ સરપંચો ગૃહરાજ્ય મંત્રીને પણ મળવા ગયા હતા અને તેમને ટ્વિન સિટી પ્રોજેક્ટમાં વિકાસ ઝડપી બનશે, તમારે ગાંધીનગર સાથે રહેવું હોય તો તે રીતે અને અમદાવાદમાં ભળવું હોય તો તે રીતે પત્ર લખીને રજૂઆત કરો તેવું સ્પષ્ટ જણાવ્યું હતું.

ગાંધીનગર તાલુકાનાં ૮ ગામોમાં વિરોધ પ્રચંડ બની રહ્યો હોવાથી સરકારે હવે અમદાવાદ-ગાંધીનગર ટ્વિન સિટીતરીકે ડેવલપ કરવાની નવી વાત કરી સરપંચોને માયાજાળમાં ફસાવવાની નવી રણનીતિ સાથે આગળ વધવાની વ્યૂહરચના અપનાવી હોવાની વાતોએ પંચાયત વર્તુળોમાં ચર્ચાનું સ્થાન લીધું છે.

મળતી વિગતો પ્રમાણે એક ગ્રામ પંચાયતે તો ગાંધીનગર સાથે રહેવાની તૈયારી સાથે લેખિત પત્ર પણ આપી દીધો છે. જો કે ટ્વિન સિટી પ્રોજેક્ટ અંગે ક્યારે અને કેવી રીતે આગળ વધવામાં આવશે તેને લઈ પંચાયત વર્તુળોમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

# શહેરના ૩૦ ટકા બાળકો કુપોષણથી પિડાય છે

**શાળા-આરોગ્ય ચકાસણીમાં ચોંકાવનાર- તારણ : ૨૮૭ બાળકો તમાકુના વ્યસની જણાયા : ૫૭૬ બાળકો મેદસ્વિતાનો સ્વીકાર બન્યા છે : ૭ બાળકોને કીડનીની બિમારી**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં ૩૦ ટકા બાળકો કુપોષણથી પિડાઈ રહ્યા છે. આ ચોંકાવનારૂ તારણ શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન બહાર આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં ૨૫ નવેમ્બરથી આરોગ્ય વિભાગના આ અતિ મહત્વાકાંક્ષી પ્રોજેકટ શાળા-આરોગ્ય ચકાસણીની કામગીરી ચાલી રહી છે. ૬૦ ટકાથી જેટલા બાળકોની ચકાસણી થઈ ગઈ છે અને તેમાં આ ચોંકાવનારી હકીકત બહાર આવી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શાળા-આરોગ્ય ચકાસણીના તારણો આ વખતે તંત્ર જ નહિ પણ સામાજિક ચિંતાનો વિષય બનશે. આ તારણો ચોંકાવનારા છે અને તેથી તંત્ર એ તો અત્યારથી આ મુદ્દે રોડ-મેપ બનાવવાની દિશામાં વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

શહેરની વિવિધ શાળાઓમાં ભણતા ૬૩,૧૯૦ બાળકોના આરોગ્યની ચકાસણીનો કાર્યક્રમ ૨૫મી નવેમ્બરથી શરૂ થયો છે. જેમાં અત્યાર સુધીમાં ૩૮,૭૦૨ બાળકોની ચકાસણી સંપન્ન થઈ ચુકી છે.

આ ચકાસણી દરમિયાન જે તારણો સામે આવ્યા છે તેમાં ૧૩,૧૭૬ બાળકો કુપોષિત જણાયા છે. ૭ બાળકોને કિડનીની તકલીફ જણાઈ છે. તો ૪ બાળકો હૃદયની બિમારી ધરાવતા મળ્યા છે અને ૩૭ બાળકો અગાઉના વર્ષે હૃદયની બિમારી ધરાવતા મળ્યા હતા. આમ હાલ ૪૧ બાળકોના હૃદયની સારવાર હાથ ધરવામાં આવેલ છે.

૧૭૭ બાળકોને દૃષ્ટિની બિમારી જણાઈ છે તો ૧ બાળકને કલેપફલીપ પેલેટની બિમારી જણાઈ છે અને તેને સારવાર માટે રિફર પણ કરી દેવામાં આવેલ છે.

૨૨૩ બાળકોને કાન-નાક-ગળાની તકલીફ જણાઈ છે. ૨૦૫૦ બાળકોને શરદી, કફ ઉધરસ અને તાવની બિમારી જોવા મળી છે. ૬૦૩ બાળકોને ચામડીના વિવિધ રોગ હોવાનું તારણ પણ આ ચકાસણીમાં બહાર આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૨,૯૭૯ બાળકોને બિમારીની સ્થળ પર સારવાર અપાઈ

**૨૩ બાળકોને હૃદયની, ૮ને કિડનીની અને ૩ બાળકોને કેન્સરની ગંભીર બિમારી જણાઈ : શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમના ચોંકાવનારા તારણ**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ભણતા ૧૨,૯૭૯ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે અને ૯૫૭ બાળકોને સંદર્ભ સેવા માટે જિલ્લાકક્ષાએ રિફર કરવામાં આવેલ છે.

જિલ્લામાં ૨૫મી નવેમ્બરથી શરૂ થયેલ શાળા આરોગ્ય ચકાસણી અંતર્ગત અત્યાર સુધીમાં ૧,૦૫,૨૧૪ બાળકોની ચકાસણી થઈ છે.

આ ચકાસણી દરમિયાન ૨૩ બાળકોને હૃદયની, ૮ બાળકોને કીડની અને ૩ બાળકોને કેન્સર હોવાનું બહાર આવવા પામેલ છે. જેમને સારવાર માટે રાજય કક્ષાએ રિફર કરી દેવામાં આવ્યા છે.

જે બાળકોને રિફર કરવામાં આવ્યા છે તેમાં બાળરોગના ૩૨૬ બાળકો, આંખરોગના ૨૦૭ બાળકો, ૨૦૩ બાળકો દંતરોગથી પિડાતા, ૧૧૩ બાળકો ચામડીના વિવિધ રોગથી પિડાતા, ૮૧ બાળકો કાન-નાક-ગળાની બિમારીથી પિડાતા હોવાથી તેમને સઘન સારવાર માટે રિફર કરવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાંથી પણ હૃદય, કિડની અને કેન્સરની ગંભીર બિમારી ધરાવતા બાળકો જે મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૧

આગામી તારીખ ત્રીજી જાન્યુઆરીના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્ત્વની બેઠક સ્થાયી સમિતિના ખંડમાં મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોમાં આંતરમાળખાકીય સુવિધાનાં કામો જે માર્ગોના છે તેને બહાલી આપવામાં આવશે.

જાન્યુઆરી માસની અને નવા વર્ષની આ પ્રથમ બેઠક હોવાથી તેમજ મનપાના બજેટની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ બેઠકમાં ગત વર્ષના બજેટમાં રજૂ અને મંજૂર થયેલાં વિકાસ કામોની હાલની સ્થિતિ અંગે તેમજ કેટલાં બાકી છે તેને લઈ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવશે.

ગત બેઠકમાં સમયનો અભાવ રહ્યો હોવાનું કારણ જણાવી આ સમીક્ષા ટાળવામાં આવી હતી. હવે આ ચર્ચા આ બેઠકમાં થશે.

આ બેઠકમાં ઈન્દ્રોડા ગામે સીસી રોડના કામ ઉપરાંત બોરીજમાં પણ આરસીસી રોડનાં કાર્યોનાં ટેન્ડરને બહાલી આપવામાં આવશે.

આ ઉપરાંત સેક્ટર-૩૦માં મહિલા કેન્ટીન બનાવવાની કામગીરી અંગેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવશે તેમજ ફતેપુરા ગામે કંપાઉન્ડ વૉલ, રોડ અને આરસીસી રોડના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

# જિલ્લાના ખેલાડીઓને મળશે નવું અદ્યતન સ્પોર્ટ્સ સંકુલ

**વાવોલ રેલવે ફાટક નજીક ૧૩ એકરમાં નિર્માણકાર્ય પ્રગતિમાં : ૧૦ કરોડના ખર્ચે વહીવટી સંકુલ : ૬.૭૦ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ હોસ્ટેલ અને ૧.૬૦ કરોડના ખર્ચે આઉટડોર મેદાન બની રહ્યું છે**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના રમતગમતના ખેલાડીઓ માટે આનંદના સમાચાર છે કે શહેરના સેક્ટર-૧૪ ખાતે વાવોલ રેલવે ફાટક નજીક ૧૩ એકર વિસ્તારમાં સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા નવું વિશાળ સ્પોર્ટ્સ સંકુલ વિકસાવાઈ રહ્યું છે. આશરે ૧૦ કરોડના ખર્ચે બની રહેલા આ સંકુલમાં રમતગમતના મેદાન ઉપરાંત વહીવટી બિલ્ડીંગ અને તાલીમાર્થી ખેલાડીઓ માટે ૨૨૦ બેડની હોસ્ટેલ તથા મલ્ટિપર્પઝ હોલ જેવી આધુનિક સુવિધાઓ વિકસાવાઈ રહી છે. વહીવટી સંકુલ આગામી એપ્રિલથી જૂન માસ સુધીમાં તૈયાર થઈ જશે.

ગાંધીનગર જિલ્લા સહિત સમગ્રરાજ્યમાં રમતગમત પ્રત્યે જાગૃતિ વધતી જાય છે અને વધુ ને વધુ બાળકો, યુવાનો આ ક્ષેત્રે કારકિર્દી બનાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. નવી પેઢીના આ ઉત્સાહ-ઉમંગ સાથે તેમની પ્રતિભા-ક્ષમતાને વધુ ખિલવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર

● અનુસંધાન પાન-૭ પર



**વિશેષતાઓ**

- વહીવટી બિલ્ડીંગ
- મલ્ટિપર્પઝ હૉલ
- બેઝમેન્ટ પાર્કિંગ
- ૨૨૦ બેડની સ્પોર્ટ્સ હોસ્ટેલ
- જુડો, ફેન્સિંગ, ટેબલ ટેનિસ માટે ઈનડોર મેદાન
- અત્યાધુનિક જીમ
- પ્રેક્ટિસ ફૂટબૉલ ગ્રાઉન્ડ
- ૪૦૦ મીટર ઍથ્લેટિક્સ ટ્રૅક

# શહેરમાં પાંચ હેકટર વિસ્તારમાં ૪ હજાર રોપાઓની વાવણી કરાશે

**ક-માર્ગ સહીત ઘ-૨ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં નવા રોપાઓની વાવણી માટે વનતંત્રની તૈયારી**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. આમછતા ગ્રીનસીટીની દ્રષ્ટીએ શહેર હાંસિયામાં ધકેલાઇ ગયુ છે. પ્રતિવર્ષ વરસાદી દિવસોમાં વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. જયારે હવે શહેરમાં નવા રોપાઓની વાવણી માટે ખુલ્લી જગ્યા ઉપલબ્ધ નથી જયારે સર્વેના અંતે ધ્યાનમાં આવેલી પાંચ હેકટર જગ્યામાં ચાર હજાર રોપાઓની વાવણી કરવા વનતંત્ર દ્વારા આયોજન કરાયુ છે.

ગાંધીનગર શહેરમાં સેકટરોમાં નજર નાંખો ત્યાં હરિયાળી નજરે પડે છે. એક જમાનામાં ગ્રીન સીટી તરીકેની આગવી ઓળખ ધરાવતુ ગાંધીનગર હરિયાળા શહેર તરીકે અગ્રીમ હરોળમાં હતુ. પરંતુ વિકાસની સોહામણી યોજનાઓના નામે સંખ્યાબંધ વૃક્ષોની કટોતી થતા હરિયાળીનુ પણ નિકંદન વળ્યુ છે. જેના લીધે ગ્રીન સીટીની દ્રષ્ટીએ શહેર હાંસિયામાં ધકેલાયુ છે. નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોમાં સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં દર ચોમાસામાં વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે નવા રોપાઓની વાવણી માટે એડવાન્સમાં ખાડાઓ પણ ખોદવામાં આવે છે. વનતંત્ર દ્વારા આગામી વાવેતરને અનુલક્ષીને અગાઉ સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે શહેરમાં વાવણીલાયક જગ્યા વધુ રહી ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નવા રોપાઓની વાવણી માટે ખુલ્લી જગ્યા ઉપલબ્ધ નથી જેના લીધે હવે વાવેતર માટે જગ્યાનો સર્વે કરી નવા રોપાઓની વાવણીનુ આયોજન કરવુ પડે છે. અગાઉ વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સેન્ટ્રલ વર્જ પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી

ગાંધીનગર તા ૧

શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સેન્ટ્રલ વર્જની પેટર્ન માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી પુરવાર થઈ રહી છે. મુખ્યમાર્ગો પરના ક્રોસ રસ્તાઓ હજુ સુધી બંધ કરાયા નથી ત્યારે માર્ગ ઓળંગતી વખતે વાહનચાલકોને જોઈએ તેવુ વિઝન ન મળતા પુરપાટ આવતા વાહનોના લીધે માર્ગ સલામતી સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. અગાઉ ક્રોસ રસ્તા પાસે સેન્ટ્રલ વર્જમાં અમુક અંતર સુધી પેવર બ્લોક કરી દેવાયા છે. પરંતુ આ પ્રયોગ હજુ અસરકારક પુરવાર થયો નથી. સેન્ટ્રલ વર્જમાં રોપાઓની વાવણીની પેટર્ન પણ બદલવી અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં પાર્કીંગની સમસ્યા જટીલ બની છે. નગરના કાર્મશિયલ વિસ્તાર સહીત સરકારી કચેરીઓના સંકુલમાં પણ પાર્કીંગ સેન્સનો ભારોભાર અભાવ વર્તાઈ રહ્યો છે. શહેરમાં ટ્રાફિક નિયમનના કડક અમલ માટે ટ્રાફિક સિગ્નલ હાલ કાર્યરત છે. પરંતુ માર્ગ સલામતીને સ્પર્શતા અનેક મુદ્દાઓ હજુ પણ ભયજનક સ્થિતિમાં છે. શહેરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણનો અભાવ વર્તાઈ રહ્યો છે. જયારે ક્રોસ રસ્તાઓ પણ અસ્તિત્વમાં છે. જેના લીધે અકસ્માતોના બનાવો પણ અટકાવી શકાયા નથી. બીજીતરફ નગરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જની પેટર્ન પણ માર્ગ સલાતમી માટે સાનુકુળ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સેન્ટ્રલ વર્જનો કેટલાક ભાગમાં માર્ગ ઓળંગતી વખતે વાહનચાલકોન વિઝન જ સ્પષ્ટ થતુ નથી. ઘ-દોઢ , સે-૨૧: ૨૨ ના ક્રોસ રસ્તા પાસે ઘ-૫ પર પેટ્રોલ પંપ તરફ જવાના માર્ગ પાસેના ક્રોસ રસ્તા પાસે માર્ગ ઓળંગવામાં વાહનચાલકોને જોખમી સ્થિતિનો સામનો કરવો પડે છે. મુખ્યમાર્ગો પરથી પુરપાટ આવતા વાહનો ક્રોસ રસ્તા પર માર્ગ ઓળંગતી વખતે ગમે ત્યારે અકસ્માત કરે તેવી દહેશત પ્રબળ બની છે. જો કે અત્યાર સુધી આ સ્થિતિને અનુલક્ષીને સેંકડો અકસ્માતો પણ

**ક્રોસ રસ્તા પર વાહનચાલકોને માર્ગ ઓળંગતી વખતે વિઝન જ મળતુ નથી : સેન્ટ્રલ વર્જમાં રોપાઓની વાવણી તેમજ બ્યુટીફીકેશન વખતે પણ માર્ગ સલાતમીનો મુદ્દો ધ્યાને લેવાતો નથી**

● અનુસંધાન પાન-૭ પર

# માણસાના લાકરોડામાં હનુમાન મંદિર વિસ્તારને ઈકો ટુરીઝમ બનાવાશે

**પ્રવાસીઓ માટે રહેવાની, બેસવાની વ્યસ્થા સહીત વનકેડી, વનકુટીર અને જંગલ વિસ્તાર નિહાળવા વોચ ટાવર બનાવાશે**

ગાંધીનગર તા ૧

માણસા તાલુકાના લાકરોડા ગામમાં સ્થિત વર્ષો જુના હનુમાન મંદિર વિસ્તારને ઈકો ટુરીઝમ પેટર્ન પર ડેવલપ કરાશે. આ વિસ્તારમાં મંદિર , નદી અને જંગલને ધ્યાને લઈ પ્રવાસીઓ અને શ્રધ્ધાળુઓ માટે રહેવા માટેની વ્યવસ્થા પણ ઉભી કરાશે જયારે વનકેડી , વન્યકુટીર તેમજ જંગલ વિસ્તારને નિહાળવા માટે વોચ ટાવર પણ ઉભા કરાશે. આ વિસ્તારમાં અગાઉ શક્કર ટેટીની ખેતી વખણાતી હતી. જેને અનુલક્ષી આગામી દિવસોમાં ઓર્ગેનિક ખેતીથી ટેટીનુ વાવેતર કરવા માટે પણ ખેડુતોને પ્રોત્સાહિત કરાશે.

માણસા તાલુકાના લાકરોડા ગામમાં સ્થિત પૌરાણિક હનુમાન મંદિરને અનુલક્ષી આ વિસ્તારમાં ઈકો ટુરીઝમ ડેવલપ કરાશે. આ માટે વનતંત્ર દ્વારા દરખાસ્ત

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર માટે**
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
**ફક્ત ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com